- **કચ્છની ખારેક હવે કાઠીયાવાડમાં**
- **ખારેકની સફળ ખેતી કરતા અડવાણા ગામના શ્રી લક્ષ્મણભાઈ ઓડેદરા**

મોટાભાગના ખેડૂતો નવો પાક લેતા ગભરાતા હોય છે. આર્થિક સ્થિતિ નબળી હોય અને નવો પ્રયોગ કરવા જઈએ અને નિષ્ફળ જવાય તો વરસ કાઢવુ ભારે પડી જાય. તેથી સામાન્ય ખેડૂતો નવો પાક વાવવાનું સાહસ કરતા નથી. ઘણીવાર નવા પ્રયોગોની શરૂઆત આકસ્મિક રીતે થઈ જતી હોય છે. પોરબંદર તાલુકાના અડવાણા ગામના શ્રી લક્ષ્મણભાઈ દેવશીભાઈ ઓડેદરા પાંચ વિઘા જમીનમાં પહેલાં તો ચીલાચાલુ પાક જ વાવતા, પરંતુ ખેતરના શેઢે શેઢે ફરતા તેમણે શેઢા ઉપર તાડીના ઝાડ જોયા તેમને થયુ કે તાડી થતી હોય તો ખારેક કેમ ન થાય ? તેથી તેમણે વર્ષ ૨૦૦૪માં પુછપરછ કરી, કચ્છમાં જઈ માહિતી મેળવી સોએક ઝાડ વાવ્યા. તેની પરાગરજ લઈ તાડીના ઝાડ પર છાંટી અને ફલીનીકરણ થયું. છ વર્ષના આ ઝાડમાંથી હવે ફળ આવવા શરૂ થયા છે. તેમાંથી સરેરાશ ઝાડ દીઠ છ મણ જેટલું ઉત્પાદન મળે છે. તેઓ કહે છે કે બારમાસી ખારેકનો પણ પ્રયોગ કરી રહયો છું. એક ઝાડમાંથી મને ફેબ્રુઆરી, મે અને નવેમ્બર એમ વર્ષમાં ત્રણવાર ખારેકના ઉતારા મળ્યા છે.

શ્રી લક્ષ્મણભાઈએ કુલ ૧૧ જાતના ૨૦૦૦ જેટલા ખારેકના ઝાડ ઉછેર્યા છે. હવે તેઓ તેનું બીજ જાતે જ બનાવે છે અને વધુ ઉત્પાદન આપતા ઝાડ જૂદા તારવી તેમાંથી રોપ પણ તૈયાર કરે છે. તેઓ કહે છે કે સાઉદી અરેબીયામાં બાદશાહી તરીકે ઓળખાતી જાતનું નામ અમે લાલ ગોલા રાખ્યુ છે. આ ઝાડ ૧૦ – ૧૨ વર્ષનું થાય ત્યારે ખૂબ સારૂં ઉત્પાદન આપે છે. એ જ રીતે ખેડોઈ નં. ૧ નામની પરાગરજવાળી તેમણે તૈયાર કરેલી જાતનું તેના કરતા પણ વધુ ઉત્પાદન મળશે તેમ તેમનું માનવુ છે. હાલ તેમાંથી છ મણનું ઉત્પાદન મળે છે. આ જાત ખાવામાં એકદમ મીઠી છે. તેઓ કહે છે કે મારી ખારેક લોકો ખેતરે આવીને લઈ જાય છે. છુટક ખારેક ૧૦૦ રૂપિયે કિલો વેચાય છે જયારે મણનાં રૂા. ૨૦૦૦/–ના ભાવે વેપારીઓ તેમની વાડીએ આવી ખારેક લઈ જાય છે. તેઓ કહે છે કે આપણી અજ્ઞાનતાના હિસાબે કેટલાય લોકો જેમને ફલીનીકરણની ખબર નથી તેઓ હજારો ખારેક કાપી નાખે છે.

આમ, નામ વગરની રેઢી જાત પર જો પરાગરજ છાંટવામાં આવે તો ખારેકની ઉતમ જાત તૈયાર થઈ શકે. તેમણે બાકીની એક વિઘા જમીનમાં નર્સરી બનાવી છે. જેમાં ખારેકના રોપ ઉપરાંત દશહેરી, બદામ, બારમાસી, કેસર અને જંબો જાતના મધર પ્લાન્ટ તૈયાર કર્યા છે. આ જાતોની કલમો પણ તેઓ વેચે છે. તેઓ કહે છે કે ખારાશ સામે ટકી શકે તેવી અને આર્થિક રીતે વધુ ફાયદાકારક એવી ખારેકની ખેતી હવે સૌરાષ્ટ્રમાં પણ થઈ શકે તેમ છે. શ્રી લક્ષ્મણભાઈને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, ખાપટના અધિકારીઓનું માર્ગદર્શન પણ વારંવાર મળતું રહયુ. ઉદેપુર ખાતે દેશના પ્રગતિશીલ ખેડૂતો માટે મળેલ એક પરિસંવાદમાં પણ આ કેન્દ્ર દ્વારા તેમની પસંદગી થઈ અને તેમણે તેમના પ્રયોગની જાણકારી સમગ્ર દેશનાં ખેડૂતોને આપી. ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતિ પ્રતિભાદેવીના વરદ્ હસ્તે તેમને એવોર્ડ પણ અપાયો. આમ, કચ્છની ખારેક હવે કાઠીયાવાડમાં પણ થઈ શકે તેવું તેમણે પુરવાર કરી બતાવ્યુ છે.